ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./45/2026 તા. 24/03/2026

**વિષય** – પાણીની દૈનિક જરૂરિયાત પૂરી કરવા વરસાદી પાણીને મહત્વ આપવા બાબત.
**સંદર્ભ** – ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક NSS/SVKS/૨૦૨૬/994-1582, તા. 16-03-2026 મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે સમગ્ર દેશમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને પાણીની દૈનિક જરૂરિયાત પૂરી કરવા માટે સૌથી સારો અને ઉત્તમ સ્ત્રોત વરસાદી પાણીનો ૯૦% જેટલો સંગ્રહ કરવો અને વરસાદી પાણીને મહત્તમ પ્રમાણમાં જમીનમાં ઉતારવા પ્રયાસો હાથ ધરવાના છે. આ માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓએ ધરતી ઉપર વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ થતું રહે તે કાળજી રાખવી ખુબ જ જરૂરી બને છે. ઔષધિય અને ફળો આપતા વૃક્ષો વ્યાપક પ્રમાણમાં નિયમિત રીતે ઉગાડવામાં આવે તે માટે આપણે ભેગા મળીને સહિયારા પ્રયાસો અને પુરુષાર્થ કરવા આપણા વડવાઓના માર્ગે ચાલી ગરમી પર અંકુશ મેળવવા માટે વૃક્ષારોપણ કરવું જરૂરી બને છે. વિશ્વના તમામ દેશો આ તરફ આગળ વધે તે જરૂરી છે અન્યથા આવનાર સમયમાં પાણી માટે કટોકટીની સ્થિતિ સર્જાય તો નવાઈની વાત નહી રહે.

સમગ્ર દેશ અને દુનિયામાં કુદરતી ખેતીને તથા દેશી બિયારણને મહત્વ આપવાની જરૂર છે. ઉદ્યોગની સાથે ખેતીને પણ મહત્વ આપવું અને ખેતી લાયક જમીન ઘટે નહિ અને ખેતીમાં કામ કરનાર અટકે નહિ તે ધ્યાન આપવું જરૂરી છે. સમગ્ર NSS યુનિટ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસના ગાર્ડન વિસ્તારમાં વૃક્ષારોપણ કરી શકાય છે અને જમીનને પ્રદુષિત થતી રોકવા કુદરતી ખેતીને મહત્વ મળે તે જરૂરી છે.

તમામ NSS. યુનિટ, કોલેજો તથા NSS પ્રોગ્રામ ઓફિસર્સને વરસાદી પાણીનો સંગ્રહ વ્યાપક પ્રમાણમાં થતો રહે અને વરસાદી પાણીના ટીપેટીપાને જમીનમાં ઉતારવા પ્રયાસો કરવા તથા ફળો અને ઔષધિ વૃક્ષો વાવવામાં આવે તેમજ ઉત્સાહ પૂર્વક વૃક્ષારોપણ કરી શકે તેવા વિદ્યાર્થીઓની મદદ લઇ NSS ના માધ્યમથી આ દિશામાં ગામડાઓમાં અને શહેરમાં થાય તો આ પ્રયાસોને નવો વેગ મળે. આ કામમાં જોડવા માટે NSS વોલન્ટીયર્સ તથા પ્રોગ્રામ ઓફિસર વિશેષ પ્રોત્સાહિત રહે, જેથી કરીને સાથે જોડાયેલા કેડેટ્સ અને પ્રોફેસરોને ઉત્સાહિત કરી આ કામગીરી શ્રેષ્ઠ કરી શકીએ.

વધુમાં જણાવવામાં આવે છે કે, હાથ ધરવામાં આવેલ પ્રવૃતિઓનો અહેવાલ, ફોટોગ્રાફ સાથે ઈ-મેઈલ – nss@bknmu.edu.in દ્વારા અત્રે ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી ખાતે મોકલી આપવાનું રહેશે.

પ્રો. કો- ઓર્ડીનેટરશ્રી,
એન.એસ.એસ.વિભાગ
BKNMU – જુનાગઢ

**બિડાણ :**

- સંદર્ભિત પત્રની નકલ

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ.....
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ...
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ...

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**

**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**

**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**

જા. ક્ર:NSS/SVKS/૨૦૨૬/૭૬૫-1582 તા. 16 /૦૩ /૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સિટી તમામ.

આચાર્યશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ.

વિષય :- પાણીની દૈનિક જરૂરીયાત પુરી કરવા વરસાદી પાણીને મહત્વ આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સમગ્ર દેશમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને પાણીની દૈનિક જરૂરીયાત પુરી કરવા માટે સૌથી સારો અને ઉત્તમ સ્ત્રોત વરસાદી પાણીનો ૯૦% જેટલો સંગ્રહ કરવો અને વરસાદી પાણીને મહત્તમ પ્રમાણમાં જનીનમાં ઉતારવા પ્રયાસો હાથ ધરવા માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓએ ધરતી ઉપર વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ થતું રહે તે ખૂબ જરૂરી બને છે. વરસાદી પાણીનું ટીપેટીયું જમીનમાં ઉતરતું રહે અને વરસાદી પાણીનો મહત્તમ પ્રમાણમાં સંગ્રહ થતો રહે તથા ઔષધિય અને ફળો આપતા વૃક્ષો વ્યાપક પ્રમાણમાં ઉગાડવામાં નિયમીત રીતે આવે તે માટે આપણે સહુએ સહિયારા પ્રયાસો અને પુરુષાર્થ કરવા આપણા વડવાઓના માર્ગે ચાલી ગરમી ઉપર અંકુશ મુકવા માટે વૃક્ષારોપણ કરવું જરૂરી બને છે. સાથે સાથે આવનાર સમયમાં પાણી માટે કપરી પરિસ્થિતિ નિર્માણ ન થાય તે પૂર્વે જાગવું જરૂરીછે. વિશ્વના તમામ દેશો પણ આ દિશામાં આગળ વધે તે ખૂબ જરૂરી અન્યથા વિશ્વમાં પાણી માટે પણ યુધ્ધો થતાં રહે તો નવાઈ નહી. સાથે સાથે સમગ્ર દેશ અને દુનિયામાં કુદરતી ખેતીને તથા દેશી બિયારણને વિશેષ મહત્વ આપવાની જરૂર છે. ઉદ્યોગોની સાથે સાથે ખેતીને પણ મહત્વ આપવું અને ખેતીલાયક જમીન ઘટે નહી અને ખેતીમાં કામ કરનાર અટકે નહી તે પણ જોવું પડશે. ઘરે ઘરે દેશી બિયારણ શાકભાજી સમગ્ર દેશો ઉગતા થાય ને ખૂબ જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસ તેમજ ગાર્ડન એરીયામાં શાકભાજી ઉગાડી શકાય અને વૃક્ષારોપણ કરી શકાય છે. જમીનને પ્રદૂષિત થતી રોકવા કુદરતી ખેતીને પણ મહત્વ મળે તે જરૂરી છે.

તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખાસ કરીને યુનિવર્સિટીઓમાં, કોલેજોમાં, વરસાદી પાણીનો સંગ્રહ વ્યાપક પ્રમાણમાં થતો રહે અને વરસાદી પાણીના ટીપેટીપાને જમીનમાં ઉતારવા પ્રયાસો થતા રહે તથા ફળો અને ઔષધિ વૃક્ષો વાવવામાં આવે તેમજ ઉત્સાહ પૂર્વક વૃક્ષારોપણ કરી શકે તેવા વિદ્યાર્થીઓની મદદ લઈ એન.એસ.એસ.ના માધ્યમથી આ દિશામાં ગામડાઓમાં અને શહેરોમાં કામ થતું રહે તો આ પ્રયાસોને નવો વેગ મળે. આ કામમાં જોડવા માટે એન.એસ.એસ. વોલન્ટીયર તથા પ્રોગ્રામ કોઓર્ડીનેટરને વિશેષ પ્રોત્સાહીત કરવામાં આવે, જેથી કરીને એન.એસ.એસ. વોલન્ટીયર તથા પ્રોગ્રામ કોઓર્ડીનેટર સાથે જોડાયેલા કેડેટસ અને પ્રોફેસરોને પ્રોત્સાહીત કરી આ કામગીરી શ્રેષ્ઠ બની રહેશે.

નાયબ નિયામક

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

ગુ.રા.ગાંધીનગર

Scanned with OKEN Scanner